


૯મી એપ્રિલ ૨૦૨૪ / ૨૯મી રમઝાન ૧૪૪૫

અલ્લાહના નામથી જે મહેરબાન, બહુજ રહેમ કરવાવાળો છે.

આદરણીય કોમ ના સભ્યો,
સલામુન અલયકુમ,

તમે ગણતરી પૂરી કરી લો (રોજાની) અને અલ્લાહની આપેલી હિદાયત અનુસાર તેની મહાનતાનું વર્ણન કરો અને તેના આભારી રહો.'
કુરાન - ૨:૧૮૫

તમને અને તમારા પરિવારને ઈદ અલ-ફિત્ર મુબારક.

એક મહિનાના રોજાની સમાપ્તિ પર ઇદ મનાવવામાં આવે છે, જે દરમિયાન આપણે અલ્લાહ (SWT) ની અનંત રેહમત મેળવે છે. અમે તેમની હિદાયત અને માહે રમઝાનનો અસલ મકસદ સફળતાપૂર્વક પરિપૂર્ણ કરવા માટે ખુપી જ આભારી છીએ, તેમની ઇતાઅત કરીને તેમની બંદગી હાસિલ કરી સાકિયા.

આ વર્ષે, મને રમઝાન દરમિયાન ઓછામાં ઓછી ૧૦ જમાતની મુલાકાત લેવાનો અને તમામ સ્તરે અમારા કોમના વોલિન્ટર્સના નિઃસ્વાર્થ પ્રયાસોને જોવાનો મોકો મળ્યો. તિલાવત-એ-કુરાન અને તફસીરથી લઈને દુઆ અને તફકકુર સુધી, અમારા કોમએ રૂહાની વિકાસ માટે ઊંડી પ્રતિબદ્ધતા દર્શાવી છે. કુરાન પર ભાર મૂકવામાં આવ્યો, ખાસ કરીને ધ યર ઓફ સકલઈન દરમિયાન, જે પ્રશંસનીય છે.

રમઝાનમા યુવાનો માટે લેકચર્સ અને મજલિસથી લઈને સેહરીના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. વોલિન્ટર્સ સેન્ટ્રેસના અંદર અને બાહર ના કામો મેહનત અને દિલથી કરે છે. તેમનું નિઃસ્વાર્થ સમર્પણ આપણી ઈમાન અને લોકોની સેવા દ્વારા અલ્લાહની ખૂશનુદી માટેના આપણા સામૂહિક પ્રયાસને દર્શાવે છે.

હું જમાતના તમામ અધિકારીઓ, મદરેસા શિક્ષકો અને વોલિન્ટર્સની હૃદયપૂર્વક પ્રશંસા કરું છું કે જેમણે આ મહિને નિઃસ્વાર્થપણે કોમની સેવા કરી છે. તમારા પ્રયત્નો વ્યર્થ જશે નહીં, અને અલ્લાહ (SWT) તેની જઝા તમને જરૂર આપશે.

રમઝાન દરમિયાન અમારી ખયરાત સૌથી વધારે હોઈ છે, જેમ કે WF-AID દ્વારા રમઝાન રિલીફ માટે એકત્ર કરવામાં આવેલી રકમ દર્શાવે છે. તમારા સમર્થનથી, WF-AID ૨૦ થી વધુ દેશોમાં હજારો સંવેદનશીલ વ્યક્તિઓ સુધી પહોંચી છે. આ યોગ્ય કારણોમાં યોગદાન આપવા બદલ હું તમામ દાતાઓનો આભાર વ્યક્ત કરું છું.

પડકારો હોવા છતાં, ખાસ કરીને પેલેસ્ટાઇનમાં, અમને સમાજમાં સૌથી વધુ જરૂરિયાતમંદ, ખાસ કરીને સ્ત્રીઓ અને બાળકો પ્રત્યેની અમારી ફરજ યાદ અપાવી છે. આ આપણા વૈશ્વિક કોમ માટે જરૂરિયાતમંદ લોકો સુધી પહોંચવાનો એક ઝરીયો છે.

અહલે-બૈત (અ.) ના માનવા વાળા તરીકે, અમે મુશ્કેલીઓને અલ્લાહ (SWT) તરફથી ઇમ્તિહાન તરીકે જોઇએ છીએ અને તેમને સેવામા ફેરવવાનો પ્રયત્ન કરીએ છીએ. અમારું સૂત્ર - 'વી એક્ઝિસ્ટ તું સર્વે ' - માનવતા પ્રત્યેની અમારી પ્રતિબધ્ધ્તા સૂચવે છે.

આ ઇદના દિવસે, ચાલો આપણા ઇમામ મેહદી (અજ.) ના ઝહૂર માટે દુઆએ કરીએ.

ફરી એકવાર તમને અને તમારા પરિવારને ઈદ મુબારક.

વસ સલામ

સફદર જાફર
પ્રમુખ - ધ વર્લ્ડ ફેડરેશન